


સંબંધોના તાણાવાણા
ગીતા શ્રોફ

# સંબંધોનું તૂટતું મૂલ્ય-ટ્રિપલ તલાકની છાયામાં પરિવારની વેદના

સમાજસેવિકા અને કાઉન્સેલર તરીકે મારી પાસે વિવિધ ધર્મની સ્ત્રીઓ અનેક  પ્રશ્નો લઈને આવે છે.  સ્ત્રી મા, બહેન, દીકરી કે પત્ની દરેક રૂપમાં પ્રથમ સ્ત્રી જ હોય છે. કોઈ પણ સ્ત્રી હોય તેનું સન્માન જળવાવું જ જોઈએ.  આ વખતે જોઈએ અને સમજીએ તલાક અંગેના કિસ્સા....

**કેસ 1: ઇ.સ.2005**

એક મહિલા આંગળી પર બે બાળકો, ખભા પર એક બાળક, ગર્ભમાં એક બાળક સાથે મહિલા પોલીસ સ્ટેશનમાં આવી. વેદનાસભર અવાજમાં બૂમાબૂમ કરતી હતી. અમે કાઉન્સેલર તરીકે એને શાંત કરવા પ્રયત્ન કર્યો પરંતુ તે બેસવા તૈયાર નહોતી. અમે એને પાણી પાવા માટે ખુરશી પર બેસાડવા પ્રયત્ન કર્યો તો તે જોર જોરથી બૂમબરાડા પાડવા લાગી. તેની સાથે આવેલ તમામ બાળકો પણ રડવા લાગ્યાં. મેં એના માથા પર શાંતિથી હાથ મૂકી રાખ્યો પછી તે ધીમે ધીમે શાંત આક્રંદ કરતી થઈ. ખાસા સમયની મથામણ પછી તેને ફરીથી બેસવા કહ્યું ત્યારે તેણે બુરખો ઉતારી અમને ઊંધા ફરીને જે બતાવ્યું તે દૃશ્ય હાજર સૌ બહેનો માટે દર્દનાક હતું. તેના તમામ કપડાં તેની ચામડી સાથે ચોંટી ગયાં હતાં. તેણે જણાવ્યું કે તેના પતિએ ત્રીજા નિકાહ કર્યા અને તેણે વિરોધ કર્યો તો ગરમાગરમ ટાયર પર બેસાડી દીધી. જેના કારણે તેનાં કપડાં તેની ચામડી સાથે ચોંટી ગયાં અને પછી પતિએ ત્રણ વાર તલાક તલાક તલાક કહીને ઘરમાંથી કાઢી મૂકી. જેથી હવે તે પતિ પાસે જઈ શકશે નહીં અને તેનાં મા-બાપ ખૂબ દૂર રહે છે. તો બાળકો સાથે તે કયાં જાય? સૌ પ્રથમ તો અમે તેને સિવિલ હોસ્પિટલ લઈ ગયાં અને પછી નછૂટકે નારીગૃહમાં  મૂકી આવ્યાં. જયાં બાળકો સાથે તેને રાખવી મુશ્કેલ હતું. વળી તે સ્વયં સાત મહિનાની ગર્ભવતી હતી. ખૂબ સમજાવટ બાદ તેનાં માતાપિતા ત્રણ દિવસ બાદ આવ્યાં અને કમને તેને બાળકો સાથે લઈ ગયાં.

**કેસ 2: ઇ.સ. 2010**

આયેશા બે સંતાનોની માતા. પતિ-પત્ની વચ્ચે રસોઈમાં મીઠું વધુ નાંખી દેવા બાબતે ઝઘડો થયો અને પતિએ ગુસ્સામાં ત્રણ વાર તલાક તલાક કહી દીધું. આમ તો મુસ્લિમ શરિયત મુજબ પણ તલાક-એ- બિદ્દત (3 તલાક એક સાથે) ગેરમાન્ય છે. શરિયત મુજબ પણ તલાકપ્રક્રિયા અનેક સ્ટેપ્સ સાથે છે. ખરું જોતાં, ઈસ્લામમાં તલાકની પ્રક્રિયા 3 મહિનાની (ઈદ્દત) સમયગાળો, વાતચીત અને સુધારાની સંપૂર્ણ સિસ્ટમ સાથે છે. તેથી શરિયત મુજબ ટ્રિપલ તલાકનું કોઈ સ્થાન નથી પરંતુ ધર્મના નામે આંધળું સગવડિયું અનુકરણ કરવાવાળા આ સમજવા તૈયાર જ ન થાય. અંતે તેમના સમાજના અગ્રણીની મધ્યસ્થીથી આયેશાને બાળકો માટે થોડી રકમ આપી પરંતુ થોડા સમય બાદ તેણે બીજે લગ્ન કરી લીધા. ફરીથી છૂટાછેડા લીધા અને ફરી પહેલા પતિને પરણી કારણ કે પતિને પોતાના ગુસ્સાનો અંદાજ આવ્યો અને તેણે જ આ રસ્તો આયેશાને બતાવ્યો.




આવા કિસ્સાઓ 2017 પહેલાં ખૂબ મોટી સંખ્યામાં બનતા. અનેક બાળકો સાથે તલાકશુદા પત્નીને જબરજસ્તીથી બીજા પુરુષ સાથે પરણાવી દેવામાં આવતી પરંતુ 22 ઓગસ્ટ 2017ના રોજ સુપ્રીમ કોર્ટે ટ્રિપલ તલાક (તલાક-એ-બિદ્દિત, એક સાથે ત્રણ વખત તલાક) ને અસંવિધાનિક ઠેરવ્યો.

પછી 19 સપ્ટેમ્બર 2018 એ ઓર્ડિનન્સ દ્વારા તેને ગેરકાયદેસર અને ગુનો ગણાવ્યું. 30-31 જુલાઈ 2019એ લોકસભા અને રાજ્યસભામાં બિલ મંજૂર થયું અને 19 સપ્ટેમ્બર 2018થી પરતપ્રભાવ સાથે લાગુ થયું. તેમ છતાં ટ્રિપલ તલાક આજે પણ આપવામાં આવે છે. ખોજા સમાજ, જયાં આજ સુધી ટ્રિપલ તલાક હતા જ નહીં અને તેઓ હિન્દુ કાયદાથી છૂટાછેડા લેતા હતા,  હવે પોતાની અનુકૂળતા માટે તેમાં પણ એક જણે પહેલ કરી પોતાની ડૉકટર પત્નીને ટ્રિપલ તલાક હેઠળ તલાક આપી દીધા અને બીજા લગ્ન કરી લીધા. એનું અનુકરણ બીજાઓએ પણ કરવાનું શરૂ કર્યું છે પરંતુ એ નારી ના હારી, ના ઝૂકી. પૈસા લઈને પતાવટ કરવી તો સરળ હતું પરંતુ ભવિષ્યમાં આ ખોટો રસ્તો બધા પોતાની અનુકૂળતા માટે વાપરતા થાય તો સમાજની ભવિષ્યની દીકરી-પત્નીઓએ કાયમ માટે ચૂપચાપ ભોગ બનવું પડે. એ વિચારથી એ શિક્ષિત અને અન્ય સ્ત્રી પ્રત્યે સહૃદયી એવી ડૉકટર પત્ની ઉચ્ચ કક્ષાના રાજકારણી અને સામાજિક સંસ્થાના સહકારથી જંગ જીતી ગઈ.

પરિવાર એ વિશ્વાસ, સમર્પણ અને આદરના તંતુઓથી બનાવેલું એક નાજુક બંધન છે પરંતુ જયારે આ સંબંધો પર પરંપરા, કાનૂની અજ્ઞાનતા કે સામાજિક દબાણના નામે ‘ટ્રિપલ તલાક’ જેવી કુપ્રથાનો અપ્રત્યક્ષ ઘાવ પડે છે ત્યારે તેનું દુઃખ સ્ત્રીઓ, બાળક અને સમગ્ર સમાજ તથા રાષ્ટ્ર સહન કરે છે. ઘણા કિસ્સાઓમાં ટ્રિપલ તલાક માત્ર ગુસ્સો, અહંકાર અથવા ક્ષણિક આવેગમાં બોલાઈ જાય છે. માત્ર ત્રણ શબ્દો... અને વર્ષો જૂના સંબંધો ખતમ. પતિપત્ની વચ્ચેના મતભેદોમાં સંવાદ અને સમાધાનની જગ્યાએ અંતિમ નિર્ણય તરીકે ‘તલાક’ બોલાઈ જાય છે. સંબંધોને બચાવવા માટેની કોઈ તક, કોઈ મધ્યસ્થી, કોઈ વાતચીતની જગ્યા નથી રહેતી. ટ્રિપલ તલાક પછી મહિલા અને બાળકો અદૃશ્ય માનસિક યુદ્ધમાંથી પસાર થાય છે. ‘મેં શું ખોટું કર્યું?’ જેવી આત્મદોષ ભાવના, સમાજનો ડર, અપમાનનો ભય, પોતાના અસ્તિત્વ વિશેના સંકટ, આર્થિક ભવિષ્યની અસુરક્ષા, જીવન ફરી કેવી રીતે શરૂ કરવું? જેવા પ્રશ્ન,  પરાણે અન્ય પુરુષ સાથે જબરજસ્તીથી સહવાસ...

ઘણી વાર તો માનસિક દુઃખ એટલું ઊંડું હોય છે કે મહિલાઓ બહારથી મૌન રહે છે પરંતુ અંદરથી સતત તૂટતી રહે છે. જેની અસર તેનાં બાળકો પર પડે છે જે તેમને અસામાજિક, ગુનાહિત, શોષિત ભાવિ તરફ દોરી જાય છે. ભવિષ્યમાં પોતાના સંબંધો અંગે પણ તેઓ આવું જ વર્તન કરે એવી સંભાવના વધુ રહે છે. સ્ત્રી પોતે ન્યાયિક લડાઈ પણ લડી શકતી નથી. તેની પાસે મા-બાપ, સમાજ કે અન્ય સહારો નથી હોતો તેથી ચૂપચાપ સહન કરે છે અને પછીની પેઢીને પણ એવો જ સંદેશ આપે છે.

ટ્રિપલ તલાક ગેરકાયદેસર અને દંડનીય ગુનો હોવા છતાં આજે પણ કેટલાંક મૌખિક ટ્રિપલ તલાકનો ભોગ બને છે. અજાણતા, જૂની માન્યતાઓ, ધાર્મિક નિયમોની ખોટી વ્યાખ્યાઓના કારણે હજુ પણ ઘટનાઓ બને છે પરંતુ કાયદાની સામે આ તલાક માન્ય નથી.

આથી શિક્ષિત મુસ્લિમ આગેવાનો, જેમની દીકરી ટ્રિપલ તલાકનો ભોગ બની છે તેવા પિતા, મોટાભાગની મુસ્લિમ મહિલાઓ, હવે ઉકેલ તરફ આગળ વધી છે. સામાજિક સંસ્થાની મધ્યસ્થીથી કાયદો, સમાજ અને કાઉન્સેલીંગ-આ ત્રણેયને સાથે લાવી રહ્યા છે. મુસ્લિમ સમાજે પોતાના સમાજ માટે જરૂરી પગલાં લેવાં જોઈએ:

1. કાયદા અને ધર્મનું ખરેખરી સમજણ સાથેનું જાગૃતિ અભિયાન.
2. મસ્જિદો, મદરેસાઓ, જમાતો દ્વારા ટ્રિપલ તલાકની ગેરકાયદેસરતા સમજાવવી.
3. તલાક-એ-બિદ્દત (3 તલાક એક સાથે) ઈસ્લામિક રીતે પણ ગેરમાન્ય છે- એવો સ્પષ્ટ સંદેશો આપવો.
4. પતિ-પત્નીના ઝઘડામાં કાઉન્સેલીંગ, મધ્યસ્થી મીટિંગ, ઉભયપક્ષી ચર્ચા, સામાજિક તટસ્થતા, કમ્યુનિકેશન થેરપી, ઈમોશનલ મેનેજમેન્ટ, આ બધું કરાવવા નિયંત્રણ મંડળ બનાવવા જરૂરી છે.
5. મહિલાઓ માટે લીગલ હેલ્પ, મહિલા વકીલ, સપોર્ટ ગ્રુપ, આર્થિક સ્વાવલંબન, બાળકો માટે આર્થિક રકમ, પત્નીના અધિકારોની સુરક્ષા માટેની વ્યવસ્થા કરવી જોઈએ.
6. ધાર્મિક નેતાઓને પણ કાયદા અને મહિલાઓના હક માટે સમજણ આપવી.
7. ઈસ્લામિક શરિયતનું સાચા જ્ઞાન થકી જાગૃતિ લાવવા નવા જનરેશને આગળ આવવું.

**Instagram@gita.shroff**